પ્રેસનોટ

# રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

## ખુનના ગુન્હાનો ગણતરીની કલાકમા ભેદ ઉકેલી બે (૨)આરોપીઓને પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાંન્ચ તથા આજીડેમ પોલીસ સ્ટેશનન

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી મનોજ અગ્રવાલસાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી ખુરશીદ અહેમદસાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી પ્રવીણકુમાર સાહેબ (ઝોન-૧), તથા નાયબ પોલીસ કમમશ્નર શ્રીમનોહરસિંહ જાડેજા સાહેબ (ઝોન-૨) તેમજ ડી.બી.બસીયાસાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી (ક્રાઇમ) તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એચ.એલ રાઠોડ નાઓ દ્વારા ગઇકાલ તા.૧૦/૦૧/૨૦૨૧ ના રોજ રાજકોટ તાલુકાના સરધાર ગામ ખાતે હત્યા થયેલનો બનાવ આજીડેમ પોલીસ સ્ટેશનમા જાહેર થયેલ જે હત્યાના બનાવનો ભેદ ઉકેલવા માટે ક્રાઇમ બ્રાન્ચ તેમજ પોલીસ સ્ટેશન ની અલગ અલગ ટીમોને ગુન્હો ડીટેકટ કરવમા માટે સુચના કરેલ

જે અન્વયે ડી.સી.બી. પો.સ્ટે તથા આજીડેમ પો.સ્ટેના માણસો ગુન્હાનો ભેદ ઉકલવા પ્રયત્નશિલ હતા દરમ્યાન ડી.સી.બી. પો.સ્ટે. ના નગીનભાઇ ડાંગર, અમીતભાઇ અગ્રાવત તથા આજીડેમ પો.સ્ટે નાં જયપાલભાઇ બરાલીયાને મળેલ હકીકત આધારે આજીડેમ પો.સ્ટે. ગુ.ર.ન. ૧૧૨૦૮૦૦૨૨૨૦૦૫૮/૨૦૨૨ આઇ.પી.સી. કલમ ૩૦૨,૩૦૭, તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુન્હાનો ભેદ ઉકેલી ૨- આરોપીઓને સરધાર નજીકથી પકડી પાડવામા આવેલ છે

- બનાવની વિગત
  - આ કામે સરધાર ગામ ખાતે હરીપર ગામ જવાના રસ્તે હરીપર ઢાળ પાસે કાચા રસ્તે સરધાર ગામે ખેતમજુરી કરતા વિરસીંગ મોહબતભાઇ શીંગાળ ની હત્યા કરેલ લાશ મળેલ તથા તેના દીકરા સચીન ઉ.વ.-૨ વાળો ઇજાગ્રસ્ત બેભાન હાલતમા મળેલનો બનાવ જાહેર થયેલ
- ફરીયાદી-
  - જાનુબેન વા/ઓ વિરસીંગ મોહબતભાઇ શીંગાળ, આદીવાસી ઉ.વ.-૨૭ રહે.હાલ સરધાર ગામ હરેશભાઇ બચુભાઇ પાનસુરીયાની વાડીમા મુળ રહે. બેહડવા ગામ, તા.ભાભરા જી. અલીરાજપુર મધ્યપ્રદેશ

➤ <u>આરોપીઓઃ</u>

(૧) કલમસીંગ ઉર્ફે કમલેશ સ/ઓ ગુલાબસીંગ મેથુરભાઇ શીંગાળ જાતે-આદીવાસી ઉ.વ.-૩૦ ધંધો-ખેતમજુરી રહે. હાલ સરધારગામ ચીરાગભાઇ ધીરુભાઇ પટેલ ની વાડીમા તા.જી. રાજકોટ મુળ ગામ-બેહડવા ગામ, ભવરા ઇમલી ફળીયુ તા.ભાભરા જી. અલીરાજપુર મધ્યપ્રદેશ

(૨)રમલેશ ઉર્ફે રમેશ સ/ઓ શંકરભાઇ મેથુરભાઇ શીંગાળ જાતે-આદીવાસી ઉ.વ.-૨૬ ધંધો-ખેતમજુરી રહે. હાલ સરધારગામ ચીરાગભાઇ ધીરુભાઇ પટેલ ની વાડીમા તા.જી. રાજકોટ મુળ ગામ-બેહડવા ગામ, ભવરા ઇમલી ફળીયુ તા.ભાભરા જી. અલીરાજપુર મધ્યપ્રદેશ

➤ <u>મરણજનાર-</u>

વિરસીંગ મોહબતભાઇ શીંગાળ. આદીવાસી ઉ.વ.-૨૭ રહે.હાલ સરધાર ગામ હરેશભાઇ બચુભાઇ પાનસુરીયાની વાડીમા મુળ રહે. બેહડવા ગામ, તા.ભાભરા જી. અલીરાજપુર મધ્યપ્રદેશ

➤ <u>ઇજાપામનાર-</u>

સચીન સ/ઓ વિરસીંગ મોહબતભાઇ શીંગાળ, ઉ.વ.-૦૨

મુદામાલ

(૧) બનાવમા ઉપયોગ કરેલ પથ્થરો

(૨) ૧-મોટરસાયકલ

<u>કુલ કી.રૂ.-૨૫૦૦૦/-</u>

➤ <u>ગુન્હો કર્યાની વિગત-</u>

આ કામે મરણજનાર તથા આરોપીઓ સગા કાકા-મોટાબાપુના ભાઇઓ હોય અને આરોપી કમલેશ ગુલાબસીંગ શીગાળને તેના સગા કાકાના દીકરા મરણજનાર-વિરસીંગ મોહબતભાઇ શીંગાળ સાથે આશરે બે વર્ષ પહેલા પોતાન વતન મા ખેતીની જમીન બાબતે ઝગડો બોલાચાલી થયેલ ત્યારથી બંન્નેને બનતુ ન હોય અને ત્યારબાદ આશરે ત્રણેક દીવસ પહેલા મરણજનાર એ બંન્ને આરોપીઓને ગાળો આપેલ હોય અને બાદ ગઇકાલ તા.૧૦/૧/૨૦૨૨ ના રોજ બપોરના આશરે બે અઢી વાગ્યે બંન્ને આરોપીઓ જેમા આરોપી કમલેશ સાયકલ લઇને તથા આરોપી રમલેશ મોટરસાયલક લઇને સરધાર ગામ વાડીના કાચા રસ્તે જતા ત્યારે મરણજનાર સાયકલ લઇને તેના દીકરા સચીન સાથે મળેલ અને મરણજનારએ બંન્ને આરોપીઓને ગાળો બોલતા જે બાબતે ઝગડો થયેલ અને બંન્ને આરોપીઓએ મરણજનાર ને માર-મારી ત્યા નજીકમા રહેલ મોટા પથ્થરો વડે માથા મા તથા શરીરે માર મારેલ અને તેના દીકરા સચીન ઉ.વ.૨ વાળાને પણ પથ્થરો વડે માથામા શરીરે માર મારેલ અને મરણજનાર નુ મોતનીપજાવી તથા મરણજનાર ના દીકરા સચીનને મારી નાખવાના ઇરાદે મારેલ જે હાલ હોસ્પીટલમા સારવામા દાખલ છે

➢ <u>કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારી-</u>

રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે.ના પોલીસ ઇન્સપેક્ટર વી.કે.ગઢવી, તથા આજીડેમ પો.સ્ટે. ના પો.ઇન્સ. વી.જે. ચાવડા તથા ડી સ્ટાફ તથા ડી.સી.બી. પો.સ્ટે. ના પો.સબ.ઇન્સ. પી.એમ.ધાખડા, તથા આજીડેમ પો.સ્ટે ના પો.સ.ઇ. એમ.ડી વાળા તથા જી.એન.વાઘેલા તથા ડી.સી.બી. પો.સ્ટે. ના પો.હેડ કોન્સ. મયુરભાઇ પટેલ,અમીતભાઇ અગ્રાવત, સિધ્ધરાજસિંહ જાડેજા વિરેન્દ્રસિંહ ઝાલા, તથા પો.કોન્સ.. નગીનભાઇ ડાંગર, ભાવેશભાઇ ગઢવી તથા પ્રદીપસિંહ જાડેજા સંજયભાઇ રૂપાપરા, તથા આજીડેમ પો.સ્ટે. ના જયપાલભાઇ બરાલીયા,કુલદીપસિંહ જાડેજા, શૈલેષભાઇ નેચડા દ્વારા કામગીરી કરવામા આવેલ છે.

➢ <u>ઇનામ-</u>

આ સારી કામગીરી કરનાર અધીકારી/કર્મચારીઓને પોલીસ કમિશ્નર સાહેબ તરફથી રૂ.૧૫૦૦૦/- નુ ઇનામ આપવાનુ જાહેર કરેલ છે.

તા૧૧/૦૧/૨૦૨૨